ELECTION IMMEDIATE

Phone : 079-23256731
079-23250456
079-23257419
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER
## GUJARAT STATE

General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંકઃઇએલસી-૧૦૨૦૧૯-૧૩૭૬-છ(તાલીમ) તારીખ. ૨૭/૦૮/૨૦૧૯

પ્રતિ,
સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી.

વિષયઃ- બૂથ લેવલ અધિકારીઓને "SAT-COM" મારફત BLO Net, EVP & SSR 2020 અંગે તાલીમ આપવા બાબત. તા.૩૦/૦૮/૨૦૧૯, શુક્રવાર

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તા.૦૧.૦૧.૨૦૨૦ની લાયકાતની તારીખના સંદર્ભમાં ફોટાવાળી મતદાર યાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણાની કામગીરી હાથ ધરાવાની છે. મતદાર યાદીની સંક્ષિપ્ત સુધારણાની કામગીરી શરૂ થાય તે પહેલાં ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલા કર્મચારીઓ/અધિકારીઓને તાલીમ આપવાની ચૂંટણી પંચે સૂચના આપેલ છે. આ સંદર્ભમાં તમામ બૂથ લેવલ ઓફિસર અને બીએલઓ સુપરવાઇઝર્સ ને ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્પેસ અપ્લિકેશન એન્ડ જીઓ-ઇન્ફોર્મેટિક્સ (BISAG) ધ્વારા Satellite Communication (SAT-COM) મારફતે તમામ બ્લોક રિસોર્સ સેન્ટર(BRC) ખાતે તાલીમ આપવાનું આયોજન કરવામાં આવેલ છે. આ તાલીમની તારીખ અને સમય નીચે પ્રમાણે છે.

| તારીખ | ૩૦/૦૮/૨૦૧૯ |
|---|---|
| સમય | ૧૬:૩૦ થી ૧૮:૦૦ સુધી |
| સ્થળ | બ્લોક રિસોર્સ સેન્ટર(BRC) |

સદર તાલીમ દરમિયાન બ્લોક રિસોર્સ સેન્ટર(BRC) ખાતે મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી નિરીક્ષક તરીકે ઉપસ્થિત રહેશે. આ તાલીમ દરમિયાન ૧૫ મિનિટ માટે બૂથ લેવલ ઓફિસર્સ અને મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરીના અધિકારી સાથે ઇન્ટરેકશન સેશન રાખવામા આવેલ છે. જે બૂથ લેવલ ઓફિસર શૈક્ષણિક સંવર્ગ સિવાયના છે તે બૂથ લેવલ ઓફિસર અને બીએલઓ સુપરવાઇઝર્સ ને તાલુકા વિકાસ અધિકારીની કચેરી/મામલતદાર કચેરી ખાતે તાલીમ માટે ઉપસ્થિત થવાનું રહેશે.

ઉપર મુજબની વિગતે, આપના જિલ્લાના તમામ બૂથ લેવલ ઓફિસર અને બીએલઓ સુપરવાઇઝર્સ સમયસર ઉપસ્થિત રહે તે માટે તેમને સમયસર જાણ કરવા અને  મતદાર નોંધણી અધિકારી/મદદનીશ મતદાર નોંધણી અધિકારી તાલીમ નિરીક્ષક તરીકે BRC ખાતે તેમજ તાલુકા વિકાસ અધિકારી/ મામલતદાર કચેરી ખાતે ઉપસ્થિત રહે તે મુજબનું આયોજન કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એસ એમ પટેલ)
અધિક મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત.